૨

ક્રમાંક-ઇજર/તપા-૧૨/૨૦૦૫/૧૨૬૩-૧૩૦૬

નોધણી સર નિરીક્ષક કચેરી,
ગુજરાતરાજય,ગાંધીનગર,
સ્ટેમ્પ અને નોંધણીભવન.,
સેકટર-૧૩-સી.,ખ.રોડ,
ગાંધીનગર.તા.૨/૨/૨૦૦૫

પ રિ પ ત્ર

વિષયઃ- દસ્તાવેજ રજુ થાય ત્યારે નોંધણીફી ની સાથે ટપાલ ફી વસુલ લેવા બાબત.
સંદર્ભઃ-તા. ૧/૨/૨૦૦૫ ની કચેરી નોંધ.

તાજેતરમાં અમારી સબ-રજીસ્ટ્રાર કચેરીની મુલાકાત દરમ્યાન ધ્યાન ઉપર આવેલ છે કે સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં નોંધાયેલ દસ્તાવેજો ટપાલ ફી ભરી ન હોય તેવા દસ્તાવેજો પક્ષકારો ન લઇ જવાના કારણે કચેરીમાં પડી રહેલ છે. રજીસ્ટ્રેશન મેન્યુઅલ ભાગ-૨-ના કોડઓર્ડર : ૪૫૭ (૧) ની જોગવાઇનુસાર " દસ્તાવેજ નોંધણી માટે કલમ. ૫૨ મુજબ રજુ કરવામાં આવે ત્યારે એ રજુ કરનારના વ્યકિતને એ દસ્તાવેજ એને ટપાલ વ્દારા પરત કરવાનો છે કે કેમ ? એ પુછવું અને એમ હોય તો ટપાલ અંગનું ખર્ચ, ટપાલ અંગેની ફી એની પાસેથી વસુલ લેવી." નોંધણી નિયમ ૬૨ મુજબ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવતી નથી, જેથી પક્ષકારો વ્દારા તેમના દસ્તાવેજો ટપાલ ફી ભરેલ ન હોય તેવા દસ્તાવેજો પરત કરી શકાતા નથી.

આ પરિસ્થિતિ નિવારવા અંગે દસ્તાવેજ રજુ થાય ત્યારે જો સામાન્ય સંજોગોમાં દસ્તાવેજોમાં ટપાલ ફી વસુલ કરી લેવા આથી તમામ સબ-રજીસ્ટ્રારશ્રીઓને સુચના આપવામાં આવે છે.

આ પરિપત્ર મળ્યા બદલની પહોંચ પાઠવવી.

નોંધ પર ઇ.જ.ર.શ્રીની સહી છે.

નાયબ નોંધણી સર નિરીક્ષક
ગુજરાતરાજય,ગાંધીનગર.

નકલ રવાના:
(૧) નોંધણી નિરીક્ષકશ્રી તમામ તરફ..
(વધારાની ઝેરોક્ષ નકલ કઢાવી સબ-રજીસ્ટ્રારશ્રીઓને પહોંચાડી અમલ કરવા સારુ.)
(૨) ઇ.જ.ર. કચેરીની તમામ શાખા તરફ..

ઝાલા.